सत्यमेव जयते

**દાખલ તારીખઃ–૧૬–૩–૨૦**

**ફેસલ તારીખઃ– ૧૫–૫–૨૬**

**કુલ સમય ગાળોઃ–**

**...વર્ષ..... માસ....... દિવસ.**

**પોરબંદરના મે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**<u>ક્રિ.કે.નં.814-20.</u>**
**આંકઃ ૭૪**

ફરીયાદીઃ– જીતેન્દ્રભાઈ માધવજીભાઈ બરીદુન, વેપાર, રે. વાઘેશ્વરી પ્લોટ, હરીઓમ ચોપાટી ક્રિકેટ ગ્રાઉન્ડ સામે, પોરબંદર.

વિરુધ્ધ.

આરોપીઃ– ગુલાબભાઈ જાન્યાભાઈ અસાલ્યા, રે. ૪–૧૦૯, માલખેત ચીખલવાડા, માણેકપુર, વલસાડ.

ગુન્હોઃ– નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ક. ૧૩૮ મુજબ.

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી સીંધવ

આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી પરમાર.

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી પોરબંદર મુકામે ફરીયાદી સાથે ખલાસી ટંડેલ તરીકે વર્ષોથી કામ કરતા હોઈ ફરીયાદીએ અલગ અલગ સમયે આરોપીને ખલાસી ટંડેલની કામગીરી પેટે ઉપાડ તથા પગાર તથા એડવાન્સની રકમો ચુકવેલ. જે

લંબાણપુર્વકની હકીકતો ફરીયાદ પારા–ર મા ફરીયાદીએ દર્શાવેલ છે. જે સબંધે છેલ્લે હીસાબ કરતા રૂા.૧૧,૦૦,૦૦૦/– આરોપી પાસે ફરીયાદીના બાકી લેણી રકમ નીકળતી હતી. જે સબંધે આરોપીએ પોતાના બેંક ખાતાનો બે ચેકો રૂા.૬,૦૦,૦૦૦/– તથા રૂા.૫,૦૦,૦૦૦/– ના આપેલ. જે ચેક ફરીયાદીએ તેમના બેંકમા ભરતા ચેક "અપુરતા ભંડોળ" ના શેરાથી પરત આવેલ, જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે નોટીસ આપેલ જે નોટીસ બજવા છતા આરોપીએ રકમ ચુકવેલ ન હોઈ ફરીયાદ કરેલ છે.

(ર) આરોપી વિરૂઘ્ધ ક્રિ.પ્રો. ની કલમ–ર૦૪ મુજબ પ્રોસેસ કાઢતા આરોપી કોર્ટમાં હાજર થતાં તેઓને ક્રિ. પ્રો. કોડની કલમ–ર૦૭ મુજબ ફરીયાદ તથા દસ્તાવેજની નકલો પુરી પાડવામાં આવેલ, તેમજ ફરીયાદની હકીકત વાંચી સંભળાવી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં તે સબબ તેઓનું નિવેદન લઈ ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે. જેમા ફરીયાદીએ સોગંદ પર પુરાવો આપી ફરીયાદની હકીકતો જણાવી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે રેકર્ડ પર હોઈ તેનો ઉલ્લેખ કરેલ નથી.

ત્યાર બાદ આરોપીનુ વિશેષ નિવેદન લેતા તેઓએ ફરીયાદીની ફરીયાદ તથા રજુ થયેલ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ ખોટો કેસ કરેલાનુ જણાવેલ છે. તેમજ સોગંદ પર પુરાવો આપેલ નથી.

(૩) ફરીયાદ પક્ષના કેસની હકીકત અને રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લેતા આ કામનો ન્યાયીક અંત આણવા સારુ મારા મંતવ્ય મુજબ નીચેના મુદ્દા ઉપસ્થીત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીને ફરીયાદીએ સને ર૦૧૪–૧૫ થી સને ર૦૧૭–૧૮ દરમ્યાન રકમો ચુકવેલ, જે સબંધે હીસાબ કરતા રૂા.૧૧,૦૦,૦૦૦/– લેણી રકમ નીકળતી હતી ?

(ર) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ઉપરોકત વ્યવહાર સબંધે ફરીયાદીને પોતાના કાયદેસરના લેણા પેટે વિવાદવાળા બે ચેકો લખી આપેલ. ?

(૩) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત ચેકો ફરીયાદીએ તેમના ખાતામા જમા કરાવતા "અપુરતા ભંડોળ"ના શેરા સાથે પરત આવેલ છે ?

(૪) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત ચેકો પરત ફરતા કાયદેસરની નોટીસ આપેલ, તેમ છતા આરોપીએ ચેકની રકમ ચુકવેલ ન હોઈ ફરીયાદીએ કાયદેસરની ફરીયાદ કરેલ છે ?

(૫) શુ આરોપીપક્ષ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ક. ૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનોનુ ખંડન કરવામા સફળ રહેલ છે ?

(૬) શું હુકમ ?

(૪) ફરીયાદીના વિ.વ.શ્રીએ દલીલોમા જણાવેલ છે કે, ફરીયાદીના ટંડેલ તરીકે આરોપી લાંબા સમયથી નોકરી કરતા હોઈ ફરીયાદીએ આરોપીને ઉપાડ તથા પગાર પેટે રકમો આપેલ છે. જે મુજબ સને ૨૦૧૪–૧૫ થી ૨૦૧૭–૧૮ દરમ્યાન રકમો આપેલ છે. જેમા અગિયાર લાખથી વધુ ઉપાડ કરેલ હોઈ આરોપીએ તે રકમ સબંધે ચેકો આપેલ. આરોપી ઉપર વારંવાર વોરંટો કાઢયા બાદ આરોપી હાજર થયેલ છે. જેથી આરોપીની વર્તણુક ઘ્યાને લેવી જોઈએ. ફરીયાદી તરફે બેંક સાહેદ પણ તપાસેલ છે. જેઓએ પણ ફરીયાદીને મદદરૂપ થાય તેવી હકીકતો જણાવી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.વધુમા દલીલ કરેલ છે કે, ચેકના કાયદામાં અનુમાન અંગે ક. ૧૧૯ તથા ૧૧૮ ની જોગવાઈ કરેલ છે. જેથી અદાલતે ચેકના કેસોમા અનુમાન કરવાનુ રહે છે, જેનુ ખંડન આરોપીએ કરવાનુ રહે છે. જે આરોપી કરવામા સફળ રહેલ ન હોઈ આરોપીના ખાતાનો ચેક ફરીયાદી પાસે હોઈ ચેકમા સહી હોવા સબંધે ઈન્કાર ન હોઈ તેથી પણ આરોપીએ રકમ લઈને ચેક આપેલાનુ માની શકાય તેમ હોઈ તમામ હકીકતો ઘ્યાને લઈ આરોપીને કડકમા કડક સજા કરવા અરજ કરેલ છે.

આરોપી તરફે આંક–૭૨ થી લેખિત દલીલોમા જણાવેલ છે કે, ફરીયાદના કથન મુજબ આરોપીને અલગ અલગ સમયે રૂા.૧૨,૯૦,૦૦૦/– આપેલ હોવા સબંધે ફરીયાદીએ કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. આરોપી જે તે સમયે ફરીયાદીના ખલાસી ટંડેલ તરીકે કામ કરતા હતા, તેમ છતા તેમના હીસાબી ચોપડા કે આધાર રજુ કરેલ નથી. ફરીયાદી પાસે આટલી રકમ હોવાનો પુરાવો નથી. આરોપી તા.૧૦–૪–૧૮ થી ફરીયાદી સાથે કામ કરતા ન હોય તો આટલી મોટી રકમ શા માટે આપે તે હકીકત શંકાસ્પદ બને છે. આરોપીએ તા.૧૪–૬–૧૮ ના રોજ ખાતુ ખોલેલ છે. જેથી ફરીયાદીને ચેક આપેલાનુ પુરવાર થતુ નથી. બે ચેકોમા એક ચેક રીઝેકટેડ થયેલ છે તેમજ બીજો ચેક અનયુઝડ થયેલ છે. જે આંક–૬૫ થી જણાઈ આવે છે. નોટીસ મોકલેલાનુ સાબિત થયેલ નથી. જેથી નોટીસ આપેલ જ ન હોઈ આરોપીને લાભ મળવા રજુઆત કરેલ છે. જે સબંધે કાયદાકીય ચુકાદાઓ રજુ કરેલ છે. વધુમા જણાવેલ છે કે, જયારે બે વ્યુ આવતા હોય ત્યારે આરોપીને મળવાપાત્ર વ્યુ અદાલતે આપવો જોઈએ. જેથી આરોપી સામે કાયદેસરનુ લેણુ પુરવાર થતુ ન હોઈ આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૫) ફરીયાદીએ પુરાવાનુ સોગંદનામુ રજુ કરી ફરીયાદની હકીકતો જણાવેલ છે. વધુમા આરોપી તરફે ઉલટતપાસમા જણાવેલ છે કે, મને ખબર નથી કે આરોપીને મારા ભાઈ

વલસાડ મુકામે લેવા ગયેલ હતા કે કેમ. એ વાત ખરી છે કે ટંડેલ આવે ત્યારે ખલાસી લઈને આવે. એ વાત ખરી છે કે ટંડેલને બુક કરીએ ત્યારે તેને ટોકન પેટે રૂપિયા આપવાના હોય. આરોપી અમારી સાથે સને ૨૦૧૮ સુધી હતા. એ વાત ખરી નથી કે સને ૨૨–૨૩ મા બોટના ટંડેલ તરીકે દીપકભાઈ હતા. એ વાત ખરી નથી કે રકમ આપતા સમયે હુ પહોંચ આપતો હોઉ છુ. એ વાત ખરી નથી કે ગુલાબભાઈને સને ૨૩ મા મે પહોંચ આપેલ. એ વાત ખરી છે કે મે રજુ કરેલ હીસાબના કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી. હુ રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી છે કે સને ૨૦૧૪–૧૫ મા આરોપીનો માસિક પગાર ૨૫૦૦૦ હતો. તેમજ ૧૫–૧૬ નો પગાર ૨૭ હજાર હતો. ૧૭–૧૮ નો પગાર ત્રીસ હજાર હતો. એ વાત ખરી નથી કે હુ જે ઈસમને ટંડેલ તરીકે લઈને આવુ તેના બેંક એકાઉન્ટ ખોલાવુ છુ. એ વાત ખરી છે કે મારુ તથા આરોપીનુ કોપોરેશન બેંકમા ખાતુ આવેલ છે. એ વાત ખરી નથી કે આરોપી અહીથી અજાણ હોઈ મારા માણસો બેંકમા ખાતુ ખોલાવવા ગયેલ. એ વાત ખરી નથી કે આરોપીના તમામ બેંકના કાગળો મારી પાસે છે. એ વાત ખરી નથી કે વાર્ષિક રકમો ખોટી લખેલ છે. સામાન્ય રીતે ખલાસીનો બાર હજાર થી ૨૫૦૦૦ પગાર હોય છે. ટંડેલનો વીસ થી પચાસ હજાર પગાર હોય છે. આરોપી ધો. ૩ સુધી ભણેલ છે. એ વાત ખરી નથી કે આરોપી સામે કાયદેસરનુ લેણુ નીકળતુ ન હોવા છતા ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદમા જણાવેલ ચેક આપેલાની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે આરોપીના કોરા ચેકોનો દુરપયગ કરી ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીની જાણ બહાર ચેક જમા કરાવેલ છે.

ત્યાર બાદ ફરીયાદીએ વધુ દસ્તાવેજી પુરાવા રજુ કરતા આરોપી તરફે વધુ ઉલટતપાસ કરતા તેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આરોપી સાથે ધંધાકીય વ્યવહાર હતા. એ વાત ખરી છે કે મે રજુ કરેલ ઈન્કમટેક્ષ રીટર્નમા ફરીયાદ મુજબનો કોઈ વ્યવહાર તથા આરોપી સામેનુ લેણુ દર્શાવેલ નથી, તેમજ આરોપીનુ નામ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમા જણાવેલ રકમ રોકડેથી કે ચેકથી આપેલાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ખલાસી જ ટંડેલ લાવતા હોય છે. એ વાત ખરી નથી કે ખલાસીનો તથા ટંડેલનો પગાર ખલાસીને આપવામા આવતો હોય છે. એ વાત ખરી નથી કે ખલાસીને બોનસ તરીકે રકમ આપવામા આવતી હોય છે. સાહેદ જણાવે છે કે ખર્ચો નીકળતા વધે તો આપીએ છીએ. એ વાત ખરી છે કે તા.૧૦–૪–૧૮ પછીથી અમારી સાથે ન હતા. મને ખબર નથી કે ત્યાર બાદ આરોપી પોરબંદર પરત આવેલ હતા કે નહી. મે આરોપીને બીજે પોરબંદર કામ કરતા જોયેલ છે. મને મળેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીએ ચેક આપેલ જ નથી. એ વાત ખરી નથી કે વાપર્યા ચેકનો ઉપયોગ કરેલ છે. એ વાત ખરી નથી કે નોટીસ સાચા સરનામે આપેલ જ નથી.

(૬) ફરીયાદી તરફે બેંક સાહેદ હીતેશભાઈ મહેન્દ્રભાઈને તપાસતા તેઓએ જણાવેલ છે કે, મને નામદાર કોર્ટથી સમન્સ મળતા હુ હાજર થયેલ છે. હુ યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, એમ.જી. રોડ, પોરબંદર બેંકમા આસી. મેનેજર તરીકે ફરજ બજાવુ છુ. આજ રોજ હુ મારી સાથે આરોપીએ અમારી બેંકમા ખાતુ ખોલાવેલ તે સમયે એકાઉન્ટ ઓપનીગ ફોર્મ ભરેલ તે લાવેલ છુ. તેમજ તેની સાથે આધાર કાર્ડ તથા વોટર આઈ.ડી. કાર્ડ, પાન કાર્ડ, રેશન કાર્ડ, કે.વાય. સી. દસ્તાવેજની નકલ સાથે લાવેલ છુ. આરોપીને અમારી બેંક તરફથી ચેક બુક આપવામા આવેલ જેનો રીપોર્ટ આજ રોજ લાવેલ છુ. આરોપીનુ સ્ટેટમેન્ટ ઓફ એકાઉનટ તા.૧૪–૬–૧૮ થી તા.૧૫–૪–૨૬ સુધીના રજુ કરુ છુ. કોર્પોરેશન બેંક બાદમા યુનિયન બેંક ઓફ ઈન્ડીયાના નામે મર્જ થયેલ છે. પરંતુ આ કામે મે રજુ કરેલ દસ્તાવેજોના એકાઉન્ટ નંબર સરખા જ છે. મને આંક–૪૩ વાળો ચેક બતાવતા તે જોઈને જણાવુ છુ કે, તે કોર્પોરેશન બેંક ધ્વારા આરોપીને ઈસ્યુ કરવામા આવેલ છે. જેમા આ ચેક આપનારની સહી અમારી બેંકના રેકર્ડ મુજબ એક જ ઈસમની હોવાનુ જણાવુ છુ. જે રકમ રૂપિયા છ લાખની છે. મને આંક–૪૪ વાળો ચેક બતાવતા તે જોઈને જણાવુ છુ કે, તે કોર્પોરેશન બેંક ધ્વારા આરોપીને ઈસ્યુ કરવામા આવેલ છે. જેમા આ ચેક આપનારની સહી અમારી બેંકના રેકર્ડ મુજબ એક જ ઈસમની હોવાનુ જણાવુ છુ. જે રકમ પાંચ લાખની છે. આ બંને ચેકો પરત થયેલ છે. જેમાં અપુરતા ભંડોળના કારણે પરત થયેલ છે. જે આંક–૪૫ તથા ૪૬ થી દસ્તાવેજો રજુ છે.

જયારે આરોપી તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, મે જયારથી આ બેંકમા નોકરી કરેલ છે ત્યા સુધીમા જો કોઈ ગ્રાહક બહારના હોય તો અમુક ચોકકસ દસ્તાવેજો જેવા કે ભાડા કરાર લાઈટ બીલ મંગાવવાની જરૂર રહે છે. એ વાત ખરી છે કે આ ગ્રાહકના કોઈ લોકલ સરનામાવાળો કોઈ દસ્તાવેજ મે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે રજુ કરેલ દસ્તાવેજોમા ચેક નં. ૫૮૩૨૯૪ થી ૫૮૩૩૧૦ સુધીના ચેકો અન યુસ્ડ હોવાનો ઉલ્લેખ છે. એ વાત ખરી છે કે મે રજુ કરેલ દસ્તાવેજોમા ચેક નં. ૫૮૩૨૯૫ થી ૫૮૩૩૧૦ સુધીના ચેકો અન યુસ્ડ હોવાનો ઉલ્લેખ છે. હુ સને ૨૨ થી નોકરી કરુ છુ. એ વાત ખરી છે કે ક. ૬૫ નુ સર્ટીફીકેટ રજુ કરેલ નથી.

ફરીયાદી તરફે આંક–૪૩ થી ૫૦ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. ત્યાર બાદ આંક–૫૩ થી ૬૦ સુધીના ઈન્કમટેક્ષના રીટર્ન રજુ કરેલ છે. ત્યાર બાદ ફરીયાદી તરફે પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે.આરોપીએ કોઈ પુરાવો આપેલ નથી.

(૭) બંને પક્ષને સાંભળ્યાં. આ કામે સર્વ પ્રથમ બેંક સાહેદનો પુરાવો ધ્યાને લેવામા આવે તો આ સાહેદ યુનિયન બેંક ઓફ ઈન્ડીયા કે જે અગાઉ કોર્પોરેશન બેંક હતી, તેમાં ફરજ

બજાવે છે. જેઓએ જણાવેલ છે કે, "આંક–૪૩ તથા ૪૪ વાળા ચેકો આરોપીને અમારી બેંક તરફથી આપવામા આવેલ, આ બંને ચેકો અપુરતા ભંડોળના કારણે પરત થયેલ છે. વધુમા સ્પષ્ટતા કરેલ છે કે, કોર્પોરેશન બેંક યુનિયન બેંક ઓફ ઈન્ડીયામા મર્જ થયેલ છે, પરંતુ મે રજુ કરેલ દસ્તાવેજોના એકાઉન્ટ નંબર સરખા છે." જેથી આરોપી તરફે લેખિત દલીલોમા જે બે ચેકો પૈકી એક અનયુઝડ તથા એક રીઝેકટ થયેલ છે, તે સબંધેનો ઉલ્લેખ કરેલ છે, તે માની શકાય તેમ નથી. બેંક સાહેદનો પુરાવો ધ્યાને લેતા આરોપીનુ ખાતુ કોર્પોરેશન બેંકમા ચાલતુ હોવાનુ તેમજ બંને ચેકો આરોપીના બેંક ખાતાના હોવાનુ તેમજ અપુરતા ભંડોળના કારણે પરત થયેલાનુ સ્પષ્ટ પુરવાર થાય છે.

આ કામે આરોપી તરફે નોટીસ મળેલ ન હોવાનો બચાવ લીધેલ છે, પરંતુ રેકર્ડ તપાસતા આંક–૪૯ વાળુ નોટીસનુ કવર રીફયુઝડના શેરાથી પરત આવેલ છે. જેથી આરોપી તરફે જે બચાવ લીધેલ છે કે, તેમના સિવાય અન્ય ઈસમને નોટીસ બજેલ છે, તે માની શકાય તેમ નથી. તેમજ તે સબંધે રજુ કરેલ ચુકાદો નામદાર ગુજરાત હાઈકોર્ટનો જયોતિશકુમાર રઘુભાઈ પટેલ વિ. સ્ટેટ ક્રિમીનલ અપીલ નં. ૧૯૫૫/૨૦૧૦ તા.૨૭–૩–૧૨ નો તથા નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ૨૦૧૪(૩) આર.સી.આર. (ક્રી) ૯૨૯ શરણ્યા વિ. ચંદ્રકાંતનો આરોપીને મદદરૂપ થતો નથી. ફરીયાદવાળા સરનામે જ આરોપીને નોટીસ મોકલેલ છે. આંક–૧૨ વાળી પ્લીમાં આરોપીએ તેમનુ સરનામુ પણ ફરીયાદવાળુ જ લખેલ છે. જેથી અન્ય કોઈ સરનામુ હોવાનુ પણ રેકર્ડ પર નથી. આરોપી ઉપર વોરંટ નીકળતા આંક–૨૮ થી વોરંટ રદની અરજી આપેલ છે, જેમા પણ આરોપીનુ તે મુજબનુ જ સરનામુ લખેલ છે. આંક–૬૪ થી બેંક સાહેદે આરોપીના બેંકમા ખાતુ ખોલાવતા સમયે રજુ થયેલ દસ્તાવેજો રજુ કરેલ છે, જેમા પણ તે જ સરનામુ લખેલ છે. જેની સાથે આધાર કાર્ડ, બી.પી.એલ. કાર્ડ રજુ છે, તેમા પણ તે જ સરનામુ લખેલ છે. જેથી આરોપીને નોટીસ મળેલ ન હોવાનો બચાવ માની શકાય તેમ નથી.

(૮) **નોટીસની બજવણી સબંધે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો 2007 (2) G.L.H. 512 SUPREME COURT K. G. BALAKRISHAN, CJI, R. V. RAVEENDRAN AND D. K. JAIN, JJ.** C. C. Alavi Haji ....Appellant Versus Palapetty Muhammed & Anr. ....Opponents **ના કામે ઠરાવેલ છે કે, Negotiable Instruments Act, 1881 - S. 138(b) - Evidence Act, 1872 - S. 114 - General Clauses Act, 1897 - S. 2 - Presumption as to existence of any fact - Common course of natural events - Notice sent by registered post to the address of drawer - <u>Unnecessary to aver in complaint that in spite of return of notice unserved, it is deemed to have been served - Service of notice is deemed to have been</u>**

**effected at the time at which the letter would have been delivered in the ordinary course of business - When notice is returned with postal endorsement "refused" or "not available in the house" or "house locked" or "shop closed" or "addresee not in station", due service has to be presumed - It is for the drawer to rebut presumption.**

આ કામે આરોપીનુ વિશેષ નિવેદન ધ્યાને લેતા તેમા પણ ખોટો કેસ કરેલાનો માત્ર ઉડાઉ બચાવ લીધેલ છે. પરંતુ અદાલત માની શકે તેવો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી, તેમજ ફરીયાદીના દસ્તાવેજોનુ કોઈ પણ રીતે ખંડન પણ કરી શકેલ નથી.

(૯) આરોપી તરફે ચેકમા અન્ય ઈસમના અક્ષર હોવાનો મૌખિક તથા લુલો બચાવ લીધેલ છે. જે સબંધે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો (2022) 4 BC 254 DIVISON BENCH ( Before : Dr. Dhananjaya Y. Chandrachud and A S Bopanna, JJ. ) ORIENTAL BANK OF COMMERCE — Appellant Vs. PRABODH KUMAR TEWARI — Respondent Criminal Appeal No 1260 of 2022 (Arising out of SLP (Crl) No 9836 of 2019) Decided on : 16-08-2022 ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે,**Presumption in favour of holder — Blank signed cheque — Effect of — When a drawer signs and hands over a cheque, Section 139 presumes liability unless the drawer proves otherwise by showing the cheque wasn't for debt/liability — It doesn't matter if details were filled by someone else, as long as the drawer signed it — Expert handwriting analysis on who filled the cheque is irrelevant to the purpose for which it was given — This evidence cannot rebut the Section 139 presumption — Allowing such expert evidence serves no purpose in a Section 138 trial when the signature is admitted.**

(૧૦) આરોપી તરફે તેમના ચેકનો દુરપયોગ કરેલાનો બચાવ લીધેલ છે, જે સબંધે નામદાર દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો (2016) ACD 459 SINGLE BENCH ( Before : P.S. Teji, J. ) PAWAN KUMAR TANWAR — Appellant Vs. STATE (GOVT OF NCT OF DELHI) AND ANOTHER — Respondent Cri. Revn.

P.No. 14 of 2016 & Cri. M.B. No. 48 Of 2016. Decided on : 29-03-2016 **ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે,** Any prudent man would have taken all possible steps to ensure that his blank signed cheque is not misused. The accused also did not bother to instruct his banker to stop payment against the cheque even after his brother did not get the promised job and there was no occasion for Shyam Sunder to keep the cheque in his possession. Failure on the part of Shyam Sunder to return the cheque would have created an apprehension in the mind of the accused that his cheque could be misused. Least that he could have done was to get his banker to stop payment against the cheque. Rather, the accused slept over as his cheque allegedly changed hands and was not woken from his slumber even when his cheque was dishonoured. The unexplained silence on the part of the accused is not initiating any action against Shyam Sunder or the complainant generates doubt as to the veracity of defence put forth by the accused."

**આમ, ફરીયાદી તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા રેકર્ડ પર પુરવાર થતા હોઈ DOCUMENT SPEAK ITSELF ના સિધ્ધાંત ધ્યાને લેતા પણ આરોપીએ ફરીયાદી પાસેથી રકમ લીધેલ હોઈ તેમજ તે સબંધે વિવાદવાળો ચેક લખી આપેલાનુ તેમજ બેંક મેમો મુજબ ચેક પરત થતા ફરીયાદીએ આરોપીને નોટીસ આપેલ હોઈ આરોપીએ ગુનો કરેલાનુ પુરવાર થાય છે. રેકર્ડ પર જોવામા આવે તો આરોપી જે બચાવ લઈને આવેલ છે તેવો કોઈ બચાવ રેકર્ડ પર સ્થાપિત કરવામા સફળ રહેલ નથી. આરોપી તરફે માત્ર ઈન્કારીયતભર્યા જવાબો જ આપેલ છે. પરંતુ ફરીયાદીની તરફેણમા કાયદાથી ઉપસ્થિત થયેલ ક. ૧૧૮ તથા ૧૩૯ નુ ખંડન થાય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આપેલ નથી.**

**(૧૧) ફરીયાદી તરફે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો (2021) 165 SCL 538 ( Before : N.V. Ramana, Surya Kant and Aniruddha Bose, JJ. ) M/S. KALAMANI TEX AND ANOTHER Vs. P. BALASUBRAMANIAN Criminal Appeal No. 123 of 2021 [Arising out of SLP (Crl.) No. 1876 of 2018 Decided on : 10-02-2021 રજુ થયેલ છે, જે ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે, Statute mandates that once the signature(s) of an accused on the cheque/negotiable instrument are established, then these 'reverse onus' clauses become operative - Even after purportedly drawing the presumption under Section 139 of the NI Act, the trial court proceeded to question the want of evidence on the**

**part of the complainant as regards the source of funds for advancing loan to the accused and want of examination of relevant witnesses who allegedly extended him money for advancing it to the accused - This approach of the trial court had been at variance with the principles of presumption in law - After such presumption, the onus shifted to the accused and unless the accused had discharged the onus by bringing on record such facts and circumstances as to show the preponderance of probabilities tilting in his favour, any doubt on the complainant's case could not have been raised for want of evidence regarding the source of funds for advancing loan to the accused.**

આમ ઉપરોક્ત ચુકાદો ફરીયાદીને મદદરૂપ થાય છે. ફરીયાદી તરફે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો **AIR(SCW) 2446 : (2019) ( Before : R. Banumathi and Indira Banerjee, JJ. ) BIR SINGH Vs. MUKESH KUMAR Criminal Appeal Nos.230-231 of 2019 (@ SLP(Crl) Nos. 9334-35 of 2018). Decided on : 06-02-2019** રજુ કરેલ છે. જેમા ઠરાવેલ છે કે,"39. It is not the case of the respondentaccused that he either signed the cheque or parted with it under any threat or coercion. Nor is it the case of the respondent-accused that the unfilled signed cheque had been stolen. The existence of a fiduciary relationship between the payee of a cheque and its drawer, would not disentitle the payee to the benefit of the presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of evidence of exercise of undue influence or coercion. The second question is also answered in the negative.

40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt."

જેથી પણ આ કામે આરોપીએ ચેકમા તેમની સહી નહી હોવા સબંધે, તેમના ખાતાનો ચેક નહી હોવા સબંધે અનુમાન ખંડીત કરતો પુરાવો કે બચાવ રેકર્ડ પર લાવેલ ન હોઈ સદર ચુકાદા ફરીયાદીને મદદરૂપ થાય છે.

(૧૨) ચેકના કાયદાની ક.૧૩૮ ના તત્વો પરીપુર્ણ થતા હોય તો જ આરોપી સામે કેસ ચાલવાપાત્ર બને છે, જે સબંધે નામદાર સર્વોચ્ચ અદાલતે **S.M.S. Pharmaceuticals Ltd. V/s. Neeta Bhalla and Anr., 2007 3 SCALE 245,** ના કામે ઠરાવેલ છે કે, **"In terms of Sec. 138 of the Act, <u>a complaint petition alleging an offence thereto must demonstrate that the following ingredients exist that</u>: (i) a cheque was issued; (ii) the same was presented; (iii) but, it was dishonoured; (iv) a notice in terms of the said provision was served on the person sought to be made liable; (v) despite service of notice, neither any payment was made nor other obligations, if any, were complied with within fifteen days from the date of receipt of the notice.**

(૧૩) જે મુજબ જોવામા આવે તો આરોપીની ચેકમા સહી હોવા સબંધે કોઈ તકરાર ન હોઈ માત્ર ખોટો કેસ કરેલાનુ કહી દેવાથી જ આરોપીની જવાબદારીનો અંત આવેલ માની શકાય નહી. વધુમા વિવાદવાળો ચેક બેંકમા રજુ થતા બેંક ધ્વારા અપુરતા ભંડોળથી ચેક પરત થયેલ હોવા સબંધે કોઈ જ તકરાર નથી. આરોપીને નોટીસ મળેલ ન હોવાનો કોઈ બચાવ નથી. આરોપીએ કોઈ ચુકવણુ કરેલાનો પણ પુરાવો નથી. જેથી રેકર્ડ ઉપર ફરીયાદી તરફે જે દસ્તાવેજો રજુ થયેલ છે તે જોતા તેમજ તે દસ્તાવેજો સબંધે બેન્કર્સ બુક ઓફ એવીડન્સ એકટની જોગવાઈઓ મુજબ પણ આ કામે ક.૧૩૮ ના કેસ સબંધે પુરતા કારણો હોવાનુ ફલિત થાય છે.

જેથી ફરીયાદી તરફે જે દસ્તાવેજી પુરાવો જે રજુ થયેલ છે. તે જોતા દસ્તાવેજ સ્વંય બોલે છે, તે સિધ્ધાંત ધ્યાને લેતા પણ આરોપી તરફેની દલીલો માની શકાય તેમ નથી. આ કેસનો પ્રકાર જોતા ઉપર ચર્ચા કરી છે તે મુજબ ચેકને લગતા કેસો છે, જે સમરી ટ્રાયલથી ચલાવી છ માસમા પુરા કરવાની જોગવાઈ કાયદાથી નિર્ધારીત કરવામા આવેલ છે. તેમજ વેપારી વ્યવહાર પારદર્શીય બનાવવા માટે કાયદાથી આ પ્રકારના કેસોને સમરી ટ્રાયલ બનાવી અનુમાન કરવા સબંધેની જોગવાઈઓ દાખલ કરેલ છે. જેથી માત્ર ફરીયાદીનો એક માત્ર પુરાવો હોય તો પણ આવા કેસોમા બેન્કર્સ બુકસ ઓફ એવીડન્સની જોગવાઈઓ મુજબ ચેક તથા બેંકના દસ્તાવેજો રજુ કરવાથી પણ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર માની શકાય. જેથી તે હકીકતે જોતા પણ જે પ્રકારે કાયદેસરનુ લેણુ બતાવવા માટે ફરીયાદી પાસે પુરાવાની અપેક્ષા રાખી શકાય, તે જ પ્રકારે આરોપીએ પણ કાયદા મુજબના અનુમાનો ક. ૧૧૮ તથા ૧૩૯ ના ખંડન કરવાની ફરજ બને છે, જેવા કોઈ જ અનુમાનોનુ ખંડન આરોપી તરફે કરવામા આવેલ નથી. આ કામે ફરીયાદીની

ઉલટતપાસમા આરોપીના વિ.વ.શ્રીએ જે પ્રકારના સવાલો પુછેલ છે તેમા મોટા ભાગના સવાલો આરોપી પક્ષને મદદરૂપ થતા ન હોઈ આરોપીના વિ.વ.શ્રીની દલીલ માની શકાય તેમ નથી.

(૧૪) આમ સમગ્ર હકીકતે ચેકોની ફરીયાદોમા ફરિયાદીએ વિવાદવાળી રકમ તેમના ખાતામા જમા થયેલી નથી તેમજ આરોપીના ખાતાવાળો ચેક તેઓએ બેંકમા રજુ કરતા બેંકમાથી અપુરતા ભંડોળ અથવા કાયદામા જણાવ્યા મુજબના અન્ય શેરા સાથે પરત આવેલ, અને ત્યાર બાદ નોટીસ આપવા છતા તેવી રકમ આપેલ ન હોવાની હકીકત જ અદાલત સમક્ષ બતાવવાની રહે છે. આરોપીના ખાતામા જે દિવસે ચેક રજુ થયેલ તે દિવસે પુરતુ બેલેન્સ ન હોઈ તે કારણે ચેક પરત થયેલ છે. જેથી પણ આરોપીનો ઈરાદો ફરીયાદોનો ચેક પાસ ન થાય તે હેતુનો રેકર્ડ પર પુરવાર થતો હોઈ નેગોશીએબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ ની જોગવાઈ નુ સદર મહત્વનુ તત્વ પણ ફરીયાદનો પુરાવો જોતા સાબીત થતુ હોય તેમ માની શકાય તેમ છે. આમ, ફરીયાદ પક્ષ તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તેની ઉપર ચર્ચા કર્યા મુજબ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતા કલમ–૧૩૮ નાં તમામ તત્વો ફરીયાદ પક્ષે પરીપૂર્ણ કરેલ છે. જેથી મુદ્દા નં.૧ થી ૪ નો જવાબ હકારમા આપવામા આવે છે, તેમજ આરોપી અનુમાનનુ ખંડન કરી શકેલ ન હોઈ મુદ્દા નં. ૫ નો જવાબ નકારમાં આપી કાયદાથી જે અનુમાન કોર્ટ કરવા બંધાયેલ છે તેવુ અનુમાન થઈ શકે તેમ હોઈ તે સંજોગોમા આરોપી કલમ–૧૩૮ હેઠળનાં ગુના માટે તકસીરવાન ઠરેલા છે. ત્યારે હાલનો કેસ સમન્સ ટ્રાયલ ચલાવવામા આવેલ છે જેથી આરોપીને સજાના મુદ્દા પર સાંભળવાની કાયદાથી આવશ્યકતા રહેતી નથી, તેમ છતા કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસાર આરોપીને સજાનાં પ્રશ્ન અંગે સાંભળવા માટે કામ મુલત્વી.

હુકમ આજ તારીખ ૧૫ મે સને ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહીથી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

( ભાવેશ જેઠાભાઈ પટેલ )
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી. પોરબંદર.
કોડ નં. જી.જે. ૦૦૯૭૭

તા.૧૫–૫–૨૬

SELF TYPE

## –:: ફો. કેસ નં.૮૧૪/૨૦ ના કામે આખરી હુકમનુ સાંધણ. ::–

(૧૫) ઉપરોકત ચુકાદો આરોપી તથા તેમના વકીલશ્રીની હાજરીમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે. બચાવ પક્ષે વિધ્વાન વકીલશ્રીની રજુઆત છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે, આરોપી પોતાના કુંટુબનો એકલો જ કમાણી કરનાર ઈસમ છે, આરોપીનું ભવિષ્ય ઉજળુ છે તે ધંધાદારી માણસ છે, આરોપીના ઘરમાં બીજો કોઈ કમાણી કરનાર ઈસમ નથી, આરોપી વિરુઘ્ધ સમાજ વિરોધી ગુનાનું તહોમત નથી. વાણીજયક વ્યવહાર હોઈ આરોપીને ઓછામાં ઓછી સજા કરવી જોઈએ અથવા તો પ્રોબેશનનો લાભ આપી આરોપીને છોડી મુકવો જોઈએ.

ફરીયાદ પક્ષે વકીલશ્રીએ જણાવેલ છે કે ફરીયાદી સાથે આરોપીએ છેતરપીંડી કરેલ છે, ચેકની રકમ ખુબ જ મોટી છે. લાંબા સમયથી ફરીયાદીની રકમ રોકાઈ રહેલ છે. કામકાજ પુર્ણ કરવા છતા રકમ આપેલ નથી. ફરીયાદી સાથે મોટી રકમની છેતરપીંડી આરોપીએ કરેલ હોઈ માતબર રકમ છેલ્લા ઘણા સમયથી ફરીયાદીની રોકાઈ રહેલ હોઈ તેનુ ભરપાઈ થઈ શકે તેમ ન હોઈ આરોપીને કાયદા મુજબ સજા કરવી જોઈએ તેમજ ફરીયાદીને વળતર પણ અપાવવું જોઈએ.

(૧૬) આ કામે આરોપી અધિનિયમની કલમ–૧૩૮ ના ગુનાના કામે તકસીરવાન ઠરેલ છે. હાલના સમયમા ચેકોનો દુરપયોગ કરી ફરીયાદી સાથે છેતરપીંડીના બનાવો વધી ગયેલ છે. રોજબરોજના વ્યવહારમા લોકો ખોટા ચેક આપવાનું વધારે પસંદ કરે છે, તેવા કારણસર આવા ગુનાઓ ની ઉતરોતર વૃઘ્ધિ થવા પામી છે, કાયદાનો હેતુ અને ઉદેશ ઘ્યાનમાં લેતા આરોપીએ નિર્દોષ વ્યકિત પાસેથી મોટી રકમનો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક અપુરતા નાણા ભંડોળને કારણે પરત ફરેલ છે તેવા સંજોગોમાં હું આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અથવા ક્રિ.પ્રો. કોડની કલમ–૩૬૦ અન્વયે પ્રોબેશનનો લાભ આપવા ન્યાયસંગત ગણતો નથી. તે જ પ્રકારે આરોપી તરફે પણ આવો લાભ મળવા સબંધે કોઈ કાયદાકીય જોગવાઈ અદાલત સમક્ષ રજુ કરેલ નથી. આરોપીને કાયદામા જે સજાની જોગવાઈ કરવામા આવેલ છે તે સજા કરવાની આ અદાલતને સત્તા છે. તેમજ મેજીસ્ટ્રેટને જો યોગ્ય લાગે કે ફરીયાદીને થયેલ નુકશાન માટે વળતર આપવુ છે તો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ નો આસરો લઈ શકશે, આ બાબતની ચર્ચા પણ નામદાર સર્વોચ્ચ અદાલતના અનેક ચુકાદામાં પણ કરવામાં આવેલ છે. સાથોસાથ એ પણ યાદ રાખવુ જોઈએ કે અદાલતે કોડની કલમ–૩૫૭(૩) ની જોગવાઈઓનો ઉદારતા પૂર્વક લાભ આપવો જોઈએ. પેટા કલમમાં વળતર અંગે કોઈ મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તેથી મેજીસ્ટ્રેટ કોઈ પણ રકમ વળતર તરીકે અપાવી શકે છે. અલબત આવી વળતરની રકમ નકકી કરતી વખતે મજીસ્ટ્રેટે એવી

વીચારણા કરવાની છે કે, ફરીયાદીને વળતર ચૂકવવા અંગે એવોર્ડ કરવાની સતા છે સાથે ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૫૭ (૫) પણ ઘ્યાને લેવી જરૂરી છે. આમ જયારે મેજીસ્ટ્રેટને લાગે કે ફરીયાદીને વળતર આપવું જોઈએ તો તે કેદની સજા કર્યા પછી ફરીયાદીને વળતર અંગે એવોર્ડ કરી શકશે જે કોડની કલમ–૩૫૭ માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. સજા અને વળતર વિશેના પ્રશનો ટ્રાયલ કોર્ટે વિચારવાના છે.

(૧૭) નામદાર ગુજરાત હાઈકોર્ટે શંકરલાલ એમ. પરમાર વિ. દિનેશ બાબુલાલ બોરીયાવાલા તથા બીજાઓ, ૨૦૦૭ (૧) ગુ.લો.હે. ૨૨૫ નાં ચુકાદાથી નામદાર નીચલી કોર્ટે આરોપીને કરવામાં આવેલ રૂા. ૫૦૦૦/– નો દંડ બાજુ ઉપર મુકવાનો હુકમ કરી ફરીયાદીને રૂા. ૨,૦૦,૦૦૦/– વળતર તરીકે ચુકવી આપવાનો નીચલી કોર્ટનો હુકમ બહાલ રાખેલ છે. આ બાબત પર મેજીસ્ટ્રેટ ફરીયાદી અને આરોપીને સાંભળી વ્યાજબી વળતરની રકમ નકકી કરી શકે છે. આમ, ફરીયાદીની રજુઆત અને આરોપીની પરીસ્થીતી ઘ્યાને લેતા ન્યાયનાં હીતમાં નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧. બી.એન.એસ.એસ. ક. ૨૭૮(૨) જુના ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૫(૨) હેઠળ આરોપી ગુલાબભાઈ જાન્યાભાઈ અસાલ્યા, રે. ૪–૧૦૯, માલખેત ચીખલવાડા, માણેકપુર, વલસાડવાળાને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ સાથે વાંચતા ક. ૧૪૨ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામા આવે છે. તેમજ ઉપરોકત ગુનાના ભંગ બદલ આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા ફરમાવવા હુકમ કરવામા આવે છે.

૨. વધુમા આ કામે ફરીયાદીને આરોપીએ બી.એન.એસ.એસ. ક. ૩૯૫ જુના ક્રિમીનલ પ્રોસીજર કોડ ક. ૩૫૭ ની જોગવાઈઓ મુજબ વળતર પેટે રૂા.૨૨,૦૦,૦૦૦/– (અંકે બાવીસ લાખ રૂપિયા પુરા) ચુકવવાનો હુકમ કરવામા આવે છે. બી.એન.એસ.એસ. ક. ૪૦૪ જુના ક્રિ.પ્રો. કોડની કલમ–૩૬૩ મુજબ આરોપીને આ હુકમની એક નકલ તાત્કાલીક વિના મુલ્ય આપવી.

૩. આરોપીના જામીન તથા ખત રદ કરવાં. આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમા લેવા હુકમ કરવામા આવે છે. આરોપીએ માત્ર આ ગુનાના કામે જેલમાં જો કોઈ સમય જેલમા વીતાવેલ

**હોય તો બી.એન.એસ.એસ. ક. ૪૬૮ જુના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો રહેશે.**

**હુકમ આજ તારીખ ૧૫ મે સને ૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહીથી વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**( ભાવેશ જેઠાભાઈ પટેલ )**
**પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને**
**એડી. ચીફ જયુડી. મેજી. પોરબંદર.**
**કોડ નં. જી.જે. ૦૦૯૭૭**

**તા.૧૫–૫–૨૬**

**SELF TYPE**